आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते

आज़ादी का अमृत महोत्सव

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

## ડાંગ-આહવા

ક્રમાંક:ફજદ/વશી/SSC/HSC/ફ.ભ.(૧૪૪) ૭૦૫ /૨૦૨૨ તા.૨૨/03/૨૦૨૨

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે જાહેરનામું

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આહવા જિ.ડાંગના પત્ર ક્રમાંક: મ.શિ.નિ. /બોર્ડ /જાહેરનામું /૧૨૪૩ /૨૦૨૨ તા.૧૪/03/૨૦૨૨થી મળેલ વિગતો અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૨માં લેવાનાર ધો-૧૦ SSC (એસ.એસ.સી.) તથા ધો-૧૨ HSC (એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના નિયમિત/રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ આગામી તા.૨૮/03/૨૦૨૨ થી તા.૧૨/૦૪/૨૦૨૨ સુધી સમય સવારે ૧૦-૧૫ કલાક થી સાંજે ૧૮-30 કલાક દરમ્યાન ડાંગ જિલ્લાના નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે યોજવામાં આવનાર છે.

(૧) દિપદર્શન હાઈસ્કૂલ, આહવા, તા.આહવા,જિ.ડાંગ.

(૨) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ, આહવા, તા.આહવા, જિ.ડાંગ

(૩) આશ્રમ વિદ્યાલય, પ્રવાસી ગૃહની બાજુમાં, આહવા, તા.આહવા, જિ.ડાંગ

(૪) તાલુકા પ્રાથમિક શાળા આહવા.તા.આહવા જિ.ડાંગ

(૫) તાલુકા પ્રાથમિક શાળા વઘઈ, તા.વઘઈ, જિ.ડાંગ

(૬) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ, માલેગામ, તા.આહવા, જિ.ડાંગ

(૭) નવજ્યોત હાઇસ્કુલ, સુબીર તા.સુબીર જિ.ડાંગ

(૮) સરકારી માધ્યમિક શાળા, સુબીર તા.સુબીર જિ.ડાંગ

(૯) ઋતુમભરા ક.વિ. સાપુતારા તા.આહવા જિ.ડાંગ

(૧૦) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ, સાપુતારા, તા.આહવા, જિ.ડાંગ

(૧૧) માધ્યમિક શાળા, પિંપરી, તા.આહવા જિ.ડાંગ

(૧૨) સરકારી માધ્યમિક શાળા, સાકરપાતળ તા.વઘઈ જિ.ડાંગ

(૧૩) એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ, ચિંચલી, તા.આહવા, જિ.ડાંગ

(૧૪) સરકારી માધ્યમિક શાળા, પિપલદહાડ જિ.ડાંગ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આહવા-ડાંગ

ઉક્ત ૧ થી ૧૪ મુજબનાં પરીક્ષા કેન્દ્રોની ચારે તરફ ૧૦૦ મીટરનાં વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે માટે તથા સદરહું વિસ્તારના તમામ ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તથા મોબાઇલ ફોન, સેલ્યુલર ફોન તથા અન્ય ઇલેકટ્રીક ઉપકરણો પરીક્ષાના સ્થળે લઇ જવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી હોવાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા ઇષ્ટ જણાય છે.

સબબ: હું પી.એ.ગામીત (જી.એ.એસ.), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ તા.૨૮/03/૨૦૨૨ થી

તા.૧૨/૦૪/૨૦૨૨ સુધી સમય સવારે ૧૦-૧૫ કલાક થી સાંજે ૧૮-૩૦ કલાક દરમ્યાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૨માં લેવાનાર ધો-૧૦ SSC (એસ.એસ.સી.) તથા ધો-૧૨ HSC (એચ.એસ.સી.) સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના નિયમિત/રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ યોજાનાર હોય ડાંગ જીલ્લામાં ઉપર મુજબનાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોનાં ચારે તરફ ૧૦૦ મીટરના વિસ્તારમાં મોબાઇલ ફોન લઇ જવા/ઉપયોગ કરવા, સેલ્યુલર ફોન લઇ જવા/ઉપયોગ કરવા તથા અન્ય ઇલેકટ્રીક ઉપકરણોના ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવા તથા સદરહુ વિસ્તારના તમામ ઝેરોક્ષ સેન્ટરો .૨૮/૦૩/૨૦૨૨ થી તા.૧૨/૦૪/૨૦૨૨ સુધી સમય સવારે ૧૦-૧૫ કલાક થી સાંજે ૧૮-૩૦ કલાક સુધી બંધ રાખવા નીચેની વિગતે પ્રતિબંધ મુકવા હુકમ કરૂ છું.

(૧) ચાર કે તેથી વધુ શખ્સોએ ભેગા થવું નહીં. સભાઓ ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી.

(૨) જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સુત્રો પોકારવા નહીં.

(૩) જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવવી નહીં.

(૪) મોબાઇલ ફોન સાથે રાખવો નહી કે તેનો ઉપયોગ કરવો નહીં.

(૫) ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા નહી.

વધુમાં, આદેશ કરૂ છું કે, ઉપર જણાવેલ પ્રતિબંધો આવશ્યક સેવા તથા ફરજની કામગીરીમાં રોકાયેલ હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતાં ઇસમોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૨૨/૦૩/૨૦૨૨ નાં રોજ મારી સહી કરી કચેરીનો સિકકો કરી આપેલ છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આહવા-ડાંગ

(પી.એ.ગામીત)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા